# સપ્ટેમ્બરના અંત સુધીમાં TETની પરીક્ષા

## શિક્ષણ વિભાગ દ્વારા મહત્વનો નિર્ણય લેવાયો : ૫૩૬૦ જગ્યાઓ ઉપર શિક્ષકોની ભરતી કરવામાં આવશે

ગાંધીનગર, તા.૭

રાજ્યમાં શિક્ષકોને લઈને એક મોટા અને મહત્વના સમાચાર સામે આવ્યા છે. રાજ્યની સરકારી સ્કૂલોમાં શિક્ષકોની અનેક જગ્યાઓ ખાલી પડી છે. ત્યારે આ ખાલી પડેલી કેટલીક જગ્યાઓ ભરવા માટે સરકારે જાહેરાત કરી છે. ગુજરાત સરકારની મળેલી કેબિનેટની બેઠકમાં એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ બેઠકમાં શિક્ષકોની ભરતીને લઈને મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. શિક્ષકોની ખાલી પડેલી ૫૩૬૦ જેટલી જગ્યાઓ ભરવા માટેનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેથી સપ્ટેમ્બરના અંતમાં ટેટની પરીક્ષા લેવામાં આવશે, એવું શિક્ષણ મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું હતું.

મહત્વનું છે કે, રાજ્યની સરકારી સ્કૂલોમાં શિક્ષકોની ઘટ જોવા મળી રહી છે. ત્યારે શિક્ષકોની ભરતી માટે રાજ્ય સરકાર દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. આજે ગુજરાત રાજ્ય સરકારની કેબિનેટ બેઠક મળી હતી. જેમાં ૫૩૬૦ જગ્યાઓ પર શિક્ષકોની ભરતી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ત્યારે શિક્ષણ મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું કે, શિક્ષકોની ૫૩૬૦ જગ્યા ભરવામાં આવશે. શિક્ષકોની ખાલી પડેલી જગ્યા ભરવા માટે કાર્યવાહી કરવામા આવશે. ફેરબદલીની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ શિક્ષકોની ભરતી કરવામાં આવશે. તો આગામી સમયમાં ટેટની પરીક્ષા પણ લેવામાં આવશે. ત્યારે સપ્ટેમ્બરના અંતમાં ટેટની પરીક્ષા પણ લેવાની વાત જીતુ વાઘાણીએ કરી હતી. સાથે જ એવું પણ જણાવ્યું કે, શિક્ષણ વિભાગને નવા નવા આયામો પણ સિદ્ધ કર્યા છે. ભરતી એ સતત ચાલતી પ્રક્રિયા છે અને સમયે સમયે વ્યવસ્થા કરવામાં આવતી હોય છે. રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા છેલ્લે ૩૩૦૦ ભરતી કરવામાં આવી હતી. કેટલાંક જિલ્લાઓમાં જિલ્લા ફેરબદલની અરજીઓ પેન્ડિંગ છે. ત્યારે ફેરબદલીની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ શિક્ષકોની ભરતી કરવામાં આવશે. રાજ્યના વિવિધ જિલ્લીઓમાંથી માહિતી પણ એકત્ર કરવામાં આવી છે. જે મુજબ ૫૩૬૦ જગ્યાઓ ભરવાનો નિર્ણય શિક્ષક વિભાગે લીધો છે. જીતુ વાઘાણીએ એવું પણ જણાવ્યું કે, શિક્ષણ વ્યવસ્થાને નુકસાન ન થાય એ પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી છે. જેથી ભરતી માટેના ફોર્મ ભરવાની વ્યવસ્થા પણ ટૂંક સમયમાં શરુ કરવામાં આવશે. સાથે સાથે ટેટની પરીક્ષા લેવાય એવી વિદ્યાર્થીઓની રજૂઆત હતી.

અંદાજે છેલ્લાં ત્રણેક વર્ષથી આ પરીક્ષા લેવામાં આવી નથી. જે ટૂંક સમયમાં લેવામાં આવશે. સપ્ટેમ્બરના અંત સુધીમાં આ પરીક્ષા અને ભરતી પ્રક્રિયા શરુ કરવાની વ્યવસ્થા હાથ ધરવામાં આવશે. ત્યારે શિક્ષણ વિભાગની આ જાહેરાત બાદ ટેટના ઉમેદવારમાં પણ ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

# અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને બારકોડેડ જાતિ પ્રમાણપત્રો અપાશે

## ગુજરાત અંતર્ગત ડિજિટલ સુવિધાઓ પૂરી પાડવા રાજ્ય સરકાર દ્વારા અનેકવિધ નવતર આયામો હાથ ધરવામાં આવી રહ્યા છે

ગાંધીનગર,તા.૭

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને આજે મંત્રીમંડળની બેઠક યોજાઈ હતી.જેમાં પ્રવકતા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું છે કે, રાજ્યના અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ડિજિટલ ગુજરાત અંતર્ગત ડિજિટલ સુવિધાઓ પૂરી પાડવા રાજ્ય સરકાર દ્વારા અનેકવિધ નવતર આયામો હાથ ધરવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે ધોરણ ૯ અને ૧૦માં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને બારકોડેડ જાતિ પ્રમાણપત્રો આપવાનો નિર્ણય કર્યો છે. આજે મળેલ રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં લેવાયેલા આ મહત્વનું નિર્ણયની વિગતો આપતા કહ્યું કે, ગુજરાત સરકાર દ્વારા અનુસૂચિત જાતિના નાગરિકો તેમજ વિદ્યાર્થીઓને યોજનાકીય લાભો, ઉચ્ચ અભ્યાસક્રમમાં અનામત તેમજ સરકારી નોકરીમાં અનામતના હેતુ માટે જાતિના પ્રમાણપત્ર રજૂ કરવાનું રહે છે. એમાં વધુ સરળતા રહે એ માટે આ નિર્ણય કરાયો છે. તેમણે ઉમેર્યું કે, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના નિયામક, અનિસૂચિત જાતિ કલ્યાણ અને નિયામક, વિકસતિ જાતિ કલ્યાણ ખાતા દ્વારા જાતિ પ્રમાણપત્રો આપવામાં આવે છે. જે અતર્ગત ધોરણ-૧૦માં શાળામાંથી દરખાસ્ત મંગાવી વિદ્યાર્થીઓને જાતિના પ્રમાણપત્રો આપવામાં આવે છે. ચાલુ શૈક્ષણિક સત્ર ૨૦૨૨-૨૩ થી ધોરણ ૯ અને ૧૦માં અભ્યાસ કરતા અને નવા શૈક્ષણિક સત્ર ૨૦૨૩- ૨૪થી ધોરણ ૯માં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની જાતિ પ્રમાણપત્રો માટે શાળાઓ મારફત દરખાસ્ત મંગાવી વિદ્યાર્થીઓને ડિજિટલ ગુજરાત પોર્ટલ દ્વારા જાતિના બારકોડેડ પ્રમાણપત્ર આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. જેથી વિદ્યાર્થીઓને શાળામાંજ સરળતાથી જાતિના પ્રમાણપત્ર મળી રહેશે.

# નેશનલ ગેમ્સમાં દેશભરમાંથી સાત હજારથી વધુ ખેલાડીઓ ભાગ લેશે

## તા.૧૨, ૧૩ અને ૧૪ સપ્ટેમ્બરે રાજયભરની કોલેજો, યુનિવર્સીટી તેમજ તા.૧૫ અને ૧૬ સપ્ટેમ્બરે શાળાઓમાં વિવિધ કાર્યક્રમો યોજાશે : ૩૩ જિલ્લા મથકે યોજાનાર રમતલક્ષી કાર્યક્રમોમાં મંત્રીઓ-સાંસદો પણ ઉપસ્થિત રહેશે

ગાંધીનગર,તા.૭

ગુજરાતમાં પ્રથમવાર સપ્ટેમ્બર માસમાં ૩૬મી નેશનલ ગેમ્સ-૨૦૨૨ યોજાવા જઈ રહી છે. જેના ભાગરૂપે આગામી તા.૧૨ થી ૧૬ સપ્ટેમ્બર દરમિયાન યુવાનો—વિદ્યાર્થીઓમાં રમતને વધુ પ્રોત્સાહન મળે તેમજ અન્ય નાગરિકો પણ તેમાં સહભાગી થાય તે હેતુથી નેશનલ ગેમ્સની થીમ 'સેલિબ્રેટિંગ યુનિટી થ્રુ સ્પોર્ટ્સ' આધારિત રાજયનીતમામ કોલેજ, યુનિવર્સિટી અને શાળા કક્ષાએ ભવ્ય કાર્યક્રમોનું આયોજન કરાશે તેમ પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું હતું. પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ ગાંધીનગર ખાતે પત્રકાર પરિષદ સંબોધતા જણાવ્યું હતું કે, ગુજરાતમાં યોજાનાર રાષ્ટ્રીય કક્ષાના ઐતિહાસિક રમતોત્સવમાં દેશભરમાંથી ૭,૦૦૦થી વધુ ખેલાડીઓ સહભાગી થશે. રમત-ગમતની પ્રવૃત્તિઓમાં પ્રત્યે જાગૃતિ કેળવાય તેવા ઉદેશથી આગામી તા.૧૨, ૧૩ અને ૧૪ સપ્ટેમ્બરે રાજયભરની કોલેજ / યુનિવર્સિટી તેમજ તા.૧૫ અને ૧૬ સપ્ટેમ્બર દરમિયાન રાજયભરની શાળાઓમાં વિવિધ રમતલક્ષી કાર્યક્રમો યોજાશે.

તા.૧૨ સપ્ટેમ્બરે રાજ્યના તમામ ૩૩ જિલ્લા મથકે યોજાનાર રમતલક્ષી કાર્યક્રમોમાં સ્થાનિક મંત્રીઓ, સંસદ, ધારાસભ્ય સહિત સ્થાનિક આગેવાનો તેમજ રમતવીરો મોટી સંખ્યામા હાજરી આપશે. વધુમાં આ કાર્યક્રમોમાં વિદ્યાર્થીઓ, વાલીઓ, રમતવીરો ઉપરાંત સ્થાનિક આગેવાનો, રમતગમત સાથે સંકળાયેલી વિવિધ કલબો, મંડળો અને સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિઓ, રમતવીરો અને નાગરિકો મોટી સંખ્યામાં જોડાશે. ગુજરાતમાં આગામી તા. ૨૯મી સપ્ટેમ્બરથી ૩૬મી નેશનલ ગેમ્સ યોજાનાર છે. દેશભરના ખેલાડીઓ માટે આ ગેમ્સ એક યાદગાર સંભારણું બને તેવું સુદ્રઢ આયોજન કરવા ગુજરાત તત્પર છે. આજે આ માટેની ઓર્ગેનાઈઝિંગ કમિટીની બેઠક યોજીને સમગ્ર તૈયારીની સર્વગ્રાહી સમીક્ષા કરી અને આયોજનને આખરી ઓપ આપ્યો. આગામી ૨૭મી સપ્ટેમ્બરથી ૧૦મી ઓક્ટોબર દરમિયાન ગુજરાતમાં નેશનલ ગેમ્સનું આયોજન થવાનું છે. અમદાવાદ સહિતના ૬ શહેરોમાં તેનું આયોજન કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં યોજાનાર નેશનલ ગેમ્સ દેશભરના ખેલાડીઓ માટે આ ગેમ્સ એક યાદગાર સંભારણું બને તેવું સુદ્રઢ આયોજન કરવામાં આવી રહ્યું છે. જેના ભાગ રૂપે આજે આજે મુખ્યમંત્રીએ ઓર્ગેનાઈઝિંગ કમિટીની બેઠક યોજીને સમગ્ર તૈયારીની સર્વગ્રાહી સમીક્ષા કરી અને આયોજનને આખરી ઓપ આપ્યો હતો.



રાજયમાં વરસાદે વિરામ લઈ લીધો છે ત્યારે પાટનગર ગાંધીનગરમાં ઠેરઠેર જંગલી વનસ્પતિ ઉગી નીકળી છે. સેકટરોના કોમન પ્લોટ અને અન્ય વિસ્તારોમાં પણ આવી વનસ્પતિ ઉગી નીકળતાં ઢોર પણ ચરવા માટે આવી પહોંચતા હોય છે. શહેરના ચ-માર્ગ ઉપર વિધાનસભાની બિલકુલ સામે સ્વર્ણિમ પાર્ક પાસે જ ફુટપાથ ઉપર જંગલી વનસ્પતિ ઉગી નીકળી છે. જે વિધાનસભાની શોભામાં પણ દાગ લગાવી રહી છે. જેને સત્વરે દુર કરી વિધાનસભાની સુંદરતામાં વધારો થાય તેવા પગલાં ભરવા આવશ્યક છે.

# એસટી દ્વારા અંબાજીના મેળા માટે ૧૧૦૦ બસો દોડાવાશે

અંબાજી,તા.૭

કોરોના કાળના બે વર્ષ બાદ આ વર્ષે ભાદરવી પૂનમનો મેળો યોજાતાં લાખો માંઈ ભક્તો જાણે તમામ ખોટ પૂરી કરવા માગતા હોય તે રીતે અંબાજીમાં હર્ષ અને આસ્થાનો માહોલ જામ્યો છે. પૂનમના મહામેળાના ત્રીજા દિવસે ભક્તોનું ઘોડાપૂર અંબાજી તરફ અવિરત આગળ વધી રહ્યું છે..જય અંબે જય અંબે ની ગૂંજ સાથે અરવલ્લીની ગિરિમાળાઓ ગૂજી ઊઠી છે.

અંબાજીમાં પૂનમના મેળામાં જવા માંગતા લોકોને લઈ એસટી વિભાગે ખાસ આયોજન કર્યુ છે. એસટી વિભાગે ભક્તો માટે ૧૧૦૦ એક્સ્ટ્રા બસો ફાળવી છે. આ તમામ એક્સ્ટ્રા બસો ૧૧મી સપ્ટેમ્બર ભાદરવી પૂનમ સુધી ચાલશે. તેમજ મેળાને લઈ દરેક અધિકારીને ખાસ જવાબદારી સોંપવામાં આવી છે. જેમાં યાત્રાળુઓને બસની સુવિધાની સાથે પાણીની , શેડની અને માર્ગદર્શન માટે મદદ મળી રહે તે માટે અત્યારથી જ તૈયારીઓ કરી લેવામાં આવી છે. ભક્તોને સુવિધા મળી રહે અને કૉઈ તકલીફ ન પડે તેને લઈને વ્યવસ્થાઓ ગોઠવાઈ છે. ભક્તોને કોઈ તકલીફ ન પડે તે માટે સેવા કેમ્પ દ્વારા સેવા આપવામાં આવી રહી છે. અંબાજી જતા માર્ગ પર ત્રિસૂલિયા ઘાટ સૌથી કઠિન માર્ગ હોય છે. અને ત્યાં જ લોકો આરામ કરતા હોય છે. ત્યારે આ જગ્યાએ અંબિકા વિસામો કેમ્પ દ્વારા લોકોની સેવા કરવામાં આવે છે. આરામ કરવા માટે ગાદલા મૂકવામાં આવ્યા છે. અને ઠંડક માટે કૂલર પણ મૂકવામાં આવ્યું છે.

# લાયકાત અને કામ મુજબ વળતર લેવા કર્મીઓ હકદાર : હાઈકોર્ટ

અમદાવાદ,તા.૭

ઔદ્યોગિક એકમોમાં કામ કરતા કર્મચારીઓને લઈ સારા સમાચાર મળી રહ્યા છે. કર્મચારીઓ મુદ્દે ગુજરાત હાઈકોર્ટનું મહત્વનું અવલોકન આપ્યું છે. સુનાવણી દરમિયાન કહ્યું છે કે કર્મચારીઓ લાયકાત અને કામ મુજબ વળતર લેવાના હકદાર છે? કર્મચારીને પોસ્ટ નહી તેની કામગીરી જોઈ પગાર આપવો, કર્મચારીનો વર્ગ નક્કી કર્યા વિના લાયકાતની કદર કરવામાં આવે.

મહત્વનું છે કે ટ્રીબ્યુનલ કોર્ટના ચુકાદા સામે ગુજરાત હાઈકોર્ટએ નારાજગી દર્શાવી છે અને અગાઉના કર્મચારી વિરુદ્ધના ટ્રીબ્યુનલ કોર્ટના ચુકાદાને રદ કર્યો છે. અને હાઈકોર્ટએ હક મુજબનું વળતર ચૂકવવા આદેશ કર્યો છે. ટ્રીબ્યુનલ કોર્ટે કર્મચારી વિરુદ્ધમાં ચુકાદો આપ્યો હતો જે બાદ તે ચુકાદાને હાઈકોર્ટમાં પડકારવામાં આવ્યો હતો.

બીજી તરફ ગત જુલાઈ માસમાં પણ હાઈકોર્ટ દ્વારા પાર્ટ ટાઈમ કર્મચારીને પણ કાયમી કર્મચારીને મળતા તમામ લાભો આપવાનો રાજકોટની ઔદ્યોગિક ટ્રીબ્યુનલે હુકમ કાયમી રાખ્યો હતો. કેસની વિગત પ્રમાણે અરજદાર કાયમી ન કરવા પડે નોકરીમાંથી છુટા કરવામાં આવેલ હતા. રાજકોટની મજુર અદાલતમાં સળંગ નોકરીમાં પુન:સ્થાપિત કરવા કેસ દાખલ કરેલ હતો. મજુર અદાલતે આ કર્મચારીને ૪૦ ટકા પગાર સાથે નોકરીમાં ફરી લેવાનો હુકમ કર્યો હતો. જે બાબતે જિલ્લા પંચાયત દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં સ્પેશિયલ અરજી કરવામાં આવી હતી. જેમાં સંળગ નોકરી ચાલુ રાખવાના ચુકાદાને કાયમી રાખવામાં આવ્યો હતો. ૪૦ ટકા પગારનો હુકમ રદ કરવામાં આવેલ હતો. કર્મચારીને ફરીથી નોકરીએ લેવામાં આવ્યા હતા.

# મેળામાં ખોવાયેલા બાળકોને ટેકનોલોજીની મદદથી શોધાશે

## મેળામા ખોવાઈ જતા બાળકોને ક્યુઆર સ્કેન કોડની મદદથી તેમના માતા-પિતા સુધી પહોંચાડવામાં આવશે

ગાંધીનગર,તા.૭

અંબાજી ધામમાં ભાદરવી પૂનમના મેળાની શરૂઆત થઈ ચૂકી છે. ગુજરાત સહિત દેશભરમાંથી મા અંબાના દર્શનાર્થે શ્રદ્ધાળુઓની ભીડ ઉમટી પડે છે. યાત્રાળુઓને શ્રેષ્ઠ સુવિધાઓ મળે તે માટે, આ વર્ષે પવિત્ર યાત્રાધામ બોર્ડની સાથે મળી સીઆરડીએફ (સીઈપીટી રિસર્ચ અને ડેવલપમેન્ટ ફાઉન્ડેશન) દ્વારા વિવિધ વિભાગો સાથે સંકલન કરીને અંબાજી ખાતે યાત્રાળુઓ માટેની સુવિધાઓના આયોજનની સમીક્ષા કરવામાં આવી રહી છે. સાથે જ યાત્રાળુઓ માટે બહુવિધ સુવિધાઓના પ્લેસમેન્ટ, પાર્કિંગ ફેસેલિટીની ડિઝાઈન અને એનાઉન્સમેન્ટ સિસ્ટમ પર પણ સીઆરડીએફ દ્વારા કામ કરવામાં આવ્યું છે. ત્યારે પહેલીવાર મેળામાં ખાસ ટેકનોલોજી મૂકાઈ છે. મેળામાં બાળકો ખોવાઈ જવાના અનેક બનાવો બનતા હોય છે. ત્યારે મેળામાં ખોવાઈ જતા બાળકોને હવે ક્યુઆર સ્કેન કોડની મદદથી શોધવામાં આવશે. આ માટે ''માતૃમિલન પ્રોજેક્ટ''નો પ્રારંભ કરાયો છે.

આ વખતે અંબાજીમાં યાત્રાળુઓને કોઈપણ અગવડનો સમનો ન કરવો પડે તે માટે ટેક્નોલોજીનો પણ ઉપયોગ કરીને ક્યુઆર કોડની પહેલ કરવામાં આવી છે. આ સ્કેન કરવાથી સરકાર દ્વારા કરવામાં આવેલી તમામ વ્યવસ્થાઓ અને તેના સ્થળની સંપૂર્ણ માહિતી મળી રહેશે.

# ગુજરાત ભાજપ દ્વારા ડિજિટલ વોરિયર્સ અભિયાનની શરૂઆત

## પ્રચાર સોશિયલ મીડિયા મારફતે કરે છે, ત્યારે ભાજપ હવે લોકો પાસેથી માત્ર વોટ લે પરંતુ લોકો પાસે ભાજપ માટે પ્રચાર પણ કરાવશે

ગાંધીનગર,તા.૭

ચુંટણી નજીક આવી છે ત્યારે રાજકીય પક્ષો જેટલો ફીઝીકલ પ્રચાર કરે છે એટલો જ પ્રચાર સોશિયલ મીડિયા મારફતે કરે છે. ત્યારે ભાજપ હવે લોકો પાસેથી માત્ર વોટ લે પરંતુ લોકો પાસે ભાજપ માટે પ્રચાર પણ કરાવશે. તેના માટે હવે ભાજપ સોશિયલ મીડિયા વોરીયર્સ અભિયાન લોન્ચ કર્યું છે. પાર્ટી સાથે લોકોને જોડવા માટે એક ટ્રોલ ફ્રી નંબર અને બારકોડ પણ જાહેર કર્યો છે. જેના માધ્યમથી લોકોને જોડી બાદમાં જીલ્લા અને તાલુકા સ્તર સુધી લોકોની વિગતો અલગ કરી તેમને જે તે વિધાનસભાના મુદ્દા આપવામાં આવશે અને તે લોકો પોતાના સોશિયલ મીડિયામાં પોસ્ટ કરશે આમ ભાજપ હવે ચુંટણી માટે લોકો પાસે માત્ર મત લેશે ચૂંટણીલક્ષી પ્રચાર સામગ્રી ઉપલબ્ધ કરાવી પ્રચારમાં જોતરશે.

ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી.આર પાટીલે અભિયાન લોન્ચ કરતાં કહ્યું કે ભાજપની વિચારધારા સાથે લોકો સરળતાથી જોડાઈ શકશે.

### બે વર્ષના અંતે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પમ્પીંગ સ્ટેશનની મશીનરીનુ પણ નવિનીકરણ કરવામાં આવ્યુ છે આ સ્થિતિ વચ્ચે હજુ પાણી શુધ્ધિકરણ પ્લાન્ટનુ ઠેકાણુ પડ્યુ નથી. હાલ શહેરમાં સપ્લાય થતુ પાણી પુરવઠા બોર્ડ કક્ષાએથી આપવામાં આવે છે. અલબત્ત પાણી પુરવઠા બોર્ડ દ્વારા પાટનગર યોજના વિભાગને શુધ્ધ પાણી પુરુ પાડવામાં આવે છે. જયારે તંત્ર દ્વારા સેકટરોમાં આ પાણીનો પુરવઠો સપ્લાય કરવામાં આવે છે. પરંતુ હાલ ફિલ્ટર પ્લાન્ટની સમસ્યાના લીધે જ શહેરમાં પાણીનો કકળાટ ઉઠવા પામ્યો છે. ચરેડી અને સરીતા ખાતે નવો શુધ્ધિકરણ પ્લાન્ટ તૈયાર કરવાની કામગીરી ચાલી રહી છે.જયારે હાલ ડહોળા પાણીની સમસ્યાને અનુલક્ષીને સંપમાં માટીના થર જામી ગયા છે જેની પણ સફાઈ કરવાનુ અનિવાર્ય બન્યુ છે. ચરેડી અને સરિતા ખાતે બે વર્ષથી નવો પ્લાન્ટ તૈયાર કરવાની કામગીરી હજુ પુર્ણ થઈ નથી જેમાં ૩૦ ૩૦ એમ એલ ડી ના આ બે નવા પ્લાન્ટ બનાવવા માટે સરકારી મંજુરીના અંતે કામ શરૂ કરાયા બાદ પણ હજુ કામ પુરુ થયુ નથી જેમાં ચરેડી પ્લાન્ટનુ કામ પુર્ણતાના આરે છે. પરંતુ સરિતા પ્લાન્ટનુ કામ પુર્ણ થતા હજુ પણ સમય લાગે તેમ છે. સરિતા ખાતે ફિલ્ટર પ્લાન્ટની કામગીરી મંદ ગતિએ ચાલી રહી છે. બીજીતરફ જુના પ્લાન્ટની પુરતી ક્ષમતા રહી નથી જેના લીધે હાલ ડહોળા પાણીની સમસ્યા વચ્ચે તંત્ર પાણી પુરુ પાડવા માટેના આયોજન મામલે ગુંચવણમાં મુકાયુ છે. અલબત્ત આમ જોવા જઈએ તો છતા પાણીએ પાણીનો પ્રશ્ન વગર કારણે પેચીદો બન્યો છે.

### ઓવરબ્રિજ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ત્યારબા આ વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યામાંથી પણ હલ મળશે. છેલ્લા ઘણાં સમયથી આ વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યા પેચીદી બની છે. જયારે ચિલોડાથી એસ જી હાઈવે તરફના રૂટમાં પણ મોટાભાગના જંકશન પર ઓવરબ્રિજ તૈયાર કરી દેવાયા છે. ત્યારે કોબા એરપોર્ટ માર્ગ પર પણ વિવિધ જંકશન પર રોડ નેટવર્કને અપગ્રેડ કરવામાં આવી રહ્યુ છે. ત્યારે આગામી એકાદ વર્ષમાં ગાંધીનગર અમદાવાદ સહીતના આસપાસના વિસ્તારમાં માર્ગો ચકાચક હાલતમાં જોવા મળશે જયારે તમામ જંકશન પર ઓવરબ્રિજ તૈયાર થઈ ગયો હોવાના લીધે ક્રોસ જંકશન પર વધતા ટ્રાફિક વચ્ચે જામના દ્રશ્યો જોવા મળશે નહીં. જયારે બ્રિજની સુવિધાના અંતે ગાંધીનગર અમદાવાદ જતા વાહનચાલકોની અવરજવર ઝડપી અને સલામત બનશે.

### સ્વાઈન ફ્લુ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સે. ૧૨માંથી કેસો જે રીતે મળી રહ્યા છે તેને લઈ તંત્રએ સઘન સર્વેલન્સ માટેની સૂચનાઓ આપી છે.

આજે શહેરમાં ચોથો કેસ વાવોલમાંથી નોંધાયો છે. ૩૦ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં સ્વાઈન ફ્લુના કેસો જે વધી રહ્યા છે તેમાં હવામાન પણ મહત્વની ભૂમિકામાં હોવાનુ તબીબો માની રહ્યા છે. બીજુ આ ઝડપથી ફેલાતો રોગ છે. આ રોગમાં સતર્કતા સાથે સાવચેતી રાખવી પણ એટલી જ જરૂરી છે તેમ તબીબોનું માનવુ છે.

### ઝાપટા પડશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મધ્ય ભારતમાં અને તેના ગુજરાતને નિકટવર્તિય ભાગોમાં વરસાદ થવાની સંભાવના રહે. અરબી સમુદ્રમાં પણ ભેજ આવતા તેની અસર દક્ષિણ ગુજરાત અને મહારાષ્ટ્રના ભાગો અને કંઈક અંશે મધ્યગુજરાતના ભાગો તરફ આવતા રાજયના કેટલાક વિસ્તારમાં તા ૭ થી ૧૨ સુધીમાં ભારે થી અતિભારે વરસાદ થવાની સંભાવના છે. જેમાં આ દિવસો દરમિયાન હવામાનમાં પલ્ટો જોવા મળશે ગાંધીનગર અમદાવાદમાં તા ૧૨ સુધી વરસાદની સંભાવના છે. તા ૧૭ સપ્ટેમ્બર સુધી વરસાદી ઝાપટા વરસશે. તા ૨૮ થી ૧ ઓકટોબર વચ્ચે પણ રાજયના ભાગોમાં પર્વત આકારનો મેઘ જયાં ચઢે ત્યાં પડે આ ઉપરાંત તા ૫ ઓકટોબર સુધીમાં સમુદ્રમાં પવન ફુંકાય તેમજ જુદા જુદા વિસ્તારમાં વરસાદી ઝાપટા આવી શકે. ભાદરવામાં પણ મહત્તમ તાપમાન અંદાજે ૩૬ ડીગ્રી આસપાસ પહોંચી શકે પરંતુ વરસાદી વાયરા વચ્ચે તાપમાનમાં વધઘટ થાય તેવી સંભાવના છે. આસો મહીનામાં પણ આકરી ગરમી પડવાની સંભાવના રહેશે. દિવાળી બાદ સવારના અને રાત્રિના સમયે ગુલાબી ઠંડી પડવાની સંભાવના છે.

### દરોડા

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉત્તર પ્રદેશમાં સમાજવાદી ક્રાંતિકારી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ ગોપાલ રાયના ઘરે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આવકવેરા વિભાગે માત્ર નામની જ પોલિટિકલ પાર્ટી હોય એવા ભૂતિયા રાજકીય પક્ષોને ડોનેશન આપીને ટેક્સ ચોરી કરનારાઓ સામે કાર્યવાહી હાથ ધરી છે. આઈટી વિભાગે રાજ્યમાં મેગા ઓપરેશન હાથ ધરીને અમદાવાદ સહિત ૪૦થી ૫૦ સ્થળોએ દરોડો પાડ્યો છે અને તપાસ હાથ ધરી છે.

આવા ભૂતિયા પક્ષો વ્હાઈટમાં ડોનેશન મેળવે છે અને ૧૦-૨૦ ટકા જેટલું કમિશન બાદ કરીને બાકીની રકમ રોકડમાં પરત કરી દેતા હોય છે. જોકે ટેક્સ બચાવવા માટે આવા પક્ષોને ડોનેશન આપનારાઓ હવે સકંજામાં આવી રહ્યા છે.

આ પ્રકારની 'કેશ બેક'ની મોડસ ઓપરેન્ડી સમજવા માટે અનેક નાના અને સ્થાનિક રાજકીય પક્ષો સામે મોટા પાયે એક્શન લેવામાં આવેલી છે. આઈટી વિભાગના અધિકારીઓએ વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન ૨,૦૦૦ કરોડના શંકાસ્પદ વ્યવહારો અને ૩૦ કરોડ રૂપિયા રોકડા જપ્ત કર્યા હતા. સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સીસ (સીબીડીટી)ને પણ તે અંગે રિપોર્ટ મોકલવામાં આવેલો હતો.

આ પ્રકારના ભૂતિયા રાજકીય પક્ષો કમિશન કાપીને બાકીની રકમ રોકડમાં પરત કરતા હોય છે. કલમ ૮૦જીજીબીઅંતર્ગત રાજકીય પક્ષોને આપવામાં આવતા દાન પર ઈક્મ ટેક્સ બાદ મળે છે. આ કારણે પેઢીઓ કે પછી ટેક્સ પેયર્સ તેનો ફાયદો ઉઠાવવા માટે આવા ભૂતિયા રાજકીય પક્ષોને ચેકમાં ડોનેશન આપે છે. બાદમાં આવા પક્ષો ચેક દ્વારા મળેલી રકમમાંથી ૧૦-૨૦ ટકા જેટલું કમિશન કાપીને બાકીની રકમ રોકડમાં પરત કરી દેતા હોય છે.

### છ ઠેકાણા પર

● અનુસંધાન પહેલાનું ચાલુ

બંગાળના પશ્ચિમી ભાગોમાં ઈસ્ટર્ન કોલફિલ્ડ્સ લિમિટેડ અનેક ખાણો ચલાવે છે. આરોપ છે કે, એક રેકેટ દરમિયાન ઘણા વર્ષોથી ગેરકાયદેસર રૂપે ખનન કરવામાં આવેલા કોલસાને કાળા બજારમાં વેચી દેવામાં આવ્યો હતો. આ મામલે કેન્દ્રીય એજન્સીઓ અભિષેક બેનર્જી અને તેમની પત્ની રુઝિરા બેનર્જીની પણ પૂછપરછ કરી ચૂકી છે. ઈડીએ દાવો કર્યો હતો કે, ટીએમસીસાંસદ બેનર્જી આ ગેરકાયદેસર વેપારમાંથી મળેલા પૈસાના લાભાર્થી છે. જોકે, બેનર્જીએ આ તમામ આરોપોને નકારી કાઢ્યા હતા.

### ભારત જોડો

● અનુસંધાન પહેલાનું ચાલુ

રાહુલ ગાંધીએ ભારત જોડો યાત્રા શરૂ કરતા પહેલા પૂર્વ પ્રધાનમંત્રી રાજીવ ગાંધીના સ્મારક પર શ્રદ્ધાંજલિ અર્પિત કરી અને એક પ્રાર્થના સભામાં સામેલ થયા હતા. તમિલનાડુના શ્રીપેરંબદૂરમાં ત્રણ દાયકા પહેલા એક ચૂંટણી રેલી દરમિયાન આત્મઘાતી હુમલામાં રાજીવ ગાંધીની હત્યા કરી દેવામાં આવી હતી. કન્યાકુમારીથી પોતાના ભાષણમાં રાહુલ ગાંધીએ કહ્યુ કે મને તમિલનાડુ આવીને ખુશી થાય છે. આઝાદીના આટલા વર્ષ બાદ પણ માત્ર કોંગ્રેસ જ નહીં ભારતના કરોડો લોકો ભારત જોડો યાત્રાનો અનુભવ કરી રહ્યાં છે. કેટલાક લોકો ઝંડાને જુએ છે તો ઝંડામાં ત્રણ કલર અને ચક્રને જુએ છે. પરંતુ તે માત્ર એટલું નથી, તેનાથી વધુ છે. આ ઝંડો સરળતાથી આપણે મળ્યો નથી. રાહુલ ગાંધીએ કહ્યુ કે આજે ભાજપની સરકારમાં દરેક સંસ્થા ખતરામાં છે. તે આ ઝંડાને પોતાની ખાનગી સંપત્તિ સમજે છે. મુશ્કેલ તે છે કે તે ભારતના લોકોને સમજી શકતા નથી. તેમણે ઈડીની પૂછપરછનો ઉલ્લેખ કરતા કહ્યુ કે તે ગમે એટલી કલાક ઈન્ટ્રોગેશન કરી લે, એકપણ વિપક્ષના નેતાને ડર લાગતો નથી. રાહુલ ગાંધીએ કહ્યુ- ભાજપ વિચારે છે કે તે આ દેશને ધાર્મિક, ભાષાના આધાર પર વિભાજીત કરી શકે છે, જે ન થઈ શકે. આ દેશ હંમેશા યુનાઈટેડ રહેશે. આજે ભારત સૌથી ખરાબ આર્થિક સંકટમાંથી પસાર થઈ રહ્યું છે.

### લાગણીનો મેળો

● અનુસંધાન ચોથાનું ચાલુ...

જ કહીએ છીએ ને! અરે, પોતાનો જાતબંધુ મૃત્યુ પામે તો કાગારોળ મચાવતા કાગડાઓ આખો દિવસ ભોજન પણ ગ્રહણ કરતા નથી. પ્રેમ - કરુણા સિવાય આવો ભાવ પ્રગટે નહીં.

વિશેષ રૂપે અતિબુદ્ધિ ચાતુર્ય ધરાવતી પણ નિસ્વાર્થ ભાવે લોક કલ્યાણ માટે મથનારી પ્રજા માટે કાક વિશેષણ વાપરવામાં આવે છે. સૌરાષ્ટ્રમાં ચારણ-ગઢવી જાતિમાં એક 'કાગ' જાતિ પણ છે. 'કાગવાણી' ના રચયિતા પદ્મશ્રી દુલાભાયા કાગથી સૌ પરિચિત છે જ.

છેલ્લે, ભલે આપણે શ્રાદ્ધમાં જ કાગડાને યાદ કરીએ પણ સનાતન ધર્મ તો રોજ વાયસબલીનો નિયમ સૂચવ્યો છે.... જો કરી શકાય તો... નહીં તો એક ગીતમાં કાગડાએ કાબર ભાઈને વાયદો કર્યો છે...

'ઠાગાઠૈયા કરું છું ચાંચુડી ઘડાવું છું,
જાવ કાબરબાઈ કાલ હું આવું છું.'

**સ્પર્શમણિ :**

જિંદગી ત્યાં સુધી જ હલકી લાગે જ્યાં સુધી તમારો ભાર તમારા મા બાપ ઉઠાવે છે

● ● ●

મર્યા પછી ક્યાં જરૂર છે 'વાસ'ની
ચાલુ શ્વાસે જરૂર છે 'સહવાસ' ની...

- rasikvaland1965@gmail.com, ૯૯૧૩૪ ૨૬૯૪૯